પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૯ | ૩૦ ઓગસ્ટ, ૨૦૨૨, મંગળવાર; ભાદરવા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પાક.માં પૂરનો પ્રકોપ : મોંઘવારી પરાકાષ્ઠાએ

### ડુંગળી સહિત અનેક મહત્વની વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા : ટામેટા ૫૦૦ રૂપિયા પ્રતિ કિલો : ડુંગળી અને ટામેટાની કિંમત આગામી થોડા દિવસોમાં ૭૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર થઈ શકે છે, તેવી જ રીતે બટાકાની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૧૨૦ રૂપિયા થઈ



ઈસ્લામાબાદ,તા.૨૯

પાકિસ્તાનના પંજાબ પ્રાંતના લાહોર અને અન્ય ભાગોમાં વિનાશક પૂરના કારણે લોકોની હાલત દયનીય છે. પૂર અને વરસાદને કારણે અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. મોંઘવારી તેની ટોચ પર છે. શાકભાજી અને ફળોના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. રવિવારે લાહોરના બજારોમાં ટામેટાંની કિંમત ૫૦૦ રૂપિયા અને ડુંગળી ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો હતી. જો કે, રવિવારે બજારોમાં ટામેટાં અને ડુંગળી સહિત અન્ય શાકભાજી નિયમિત બજારો કરતાં ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો ઓછા ભાવે ઉપલબ્ધ હતા. પાકિસ્તાનના કેટલાક ભાગોમાં ભારે પૂરને કારણે આગામી દિવસોમાં ખાદ્યપદાર્થોના ભાવમાં વધુ વધારો થવાની સંભાવના છે. પૂરને કારણે બલૂચિસ્તાન, સિંધ અને દક્ષિણ પંજાબમાંથી શાકભાજીના પુરવઠાને ભારે અસર થઈ છે. લાહોર માર્કેટના જથ્થાબંધ વેપારી જવાદ રિઝવીએ જણાવ્યું કે ડુંગળી અને ટામેટાની કિંમત આગામી થોડા દિવસોમાં ૭૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર થઈ શકે છે. તેવી જ રીતે બટાકાની કિંમત

● અનુસંધાન-૭ પર

## બિહારમાં સરકારની મંજૂરી વીના સીબીઆઈને પ્રવેશ નહીં મળે

### બિહારમાં સરકાર બદલતા જ નિયમ બદલાવાના શરૂ : કાયદા અનુસાર સીબીઆઈએ કોઈ પણ કેસની તપાસ કરવા માટે રાજ્ય સરકારની અનુમતિ લેવી જરૂરી છે

નવી દિલ્હી, તા.૨૯

બિહારમાં સરકાર બદલતા જ નિયમ બદલાવાના શરૂ થઈ ગયા છે. હવે બિહારમાં પણ કેન્દ્રીય તપાસ એજન્સી (સીબીઆઈ) ની એન્ટ્રી બંધ થઈ ગઈ છે. એટલે કે હવે રાજ્ય સરકાર ઈચ્છશે ત્યારે જ સીબીઆઈની એન્ટ્રી થશે.





કાયદા અનુસાર સીબીઆઈએ કોઈ પણ કેસની તપાસ કરવા માટે રાજ્ય સરકારની અનુમતિ લેવી જરૂરી છે. જોકે, જ્યાં સુધી ત્યાં જેડીયુ અને બીજેપીના ગઠબંધનની સરકાર હતી, ત્યાં સુધી સીબીઆઈની એન્ટ્રી થઈ જતી હતી પરંતુ હવે ત્યાં સીબીઆઈએ તપાસ કરવા માટે રાજ્ય સરકારની પરવાનગી લેવી પડશે. ના. સીબીઆઈ ભલે કેન્દ્ર સરકારના આધીન છે પરંતુ એ ત્યારે જ કોઈ કેસની તપાસ કરી શકશે જ્યારે હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ કે કેન્દ્ર પાસેથી આદેશ મળશે. જો કેસ કોઈ રાજ્યનો છે, તો તપાસ માટે ત્યાંની રાજ્ય સરકાર પાસેથી પરવાનગી લેવાની હોય છે.

એવુ એટલા માટે કેમ કે સીબીઆઈની રચના દિલ્હી સ્પેશ્યલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ૧૯૪૬ હેઠળ થઈ છે. આ કાયદાની કલમ ૬ અનુસાર સીબીઆઈને કોઈ કેસની તપાસ કરવા માટે રાજ્ય સરકારની પરવાનગી લેવી જરૂરી છે.

આનો અર્થ એ થયો કે જો સીબીઆઈએ બિહારમાં હવે કોઈ કેસની તપાસ કરવી હશે તો રાજ્ય સરકારની પરવાનગી લેવી પડશે. પહેલા પણ આવુ જ હતુ પરંતુ સરકારમાં ભાજપ પણ સામેલ હતી, તેથી અનુમતિ સરળતાથી મળી જતી હતી. જો સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટ સીબીઆઈને તપાસ કરવાનો આદેશ આપે છે તો પછી એજન્સીએ રાજ્ય સરકારની અનુમતિ લેવાની જરૂર પડશે નહીં.

## ડોલર સામે રૂપિયો ૮૦.૧૨ની ઐતિહાસિક નીચી સપાટીએ

### ભારતમાં આયાત વધી રહી છે એટલે ફોરેક્સ રિઝર્વ ઘટી રહ્યા છે ત્યારે શેરબજારમાં કડાકા સાથે રૂપિયો હજી ઘટી શકે છે



નવી દિલ્હી, તા.૨૯

શુક્રવારે અમેરિકાના ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે ફુગાવો ડામવા માટે વ્યાજ દર વધારવા જ પડશે એવો સ્પષ્ટ સંકેત આપ્યા બાદ શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી છે. આ વેચવાલી સાથે અમેરિકન ડોલર મજબૂત થઈ ગયો છે. ડોલર વધતા ભારતીય રૂપિયો ફરી એકવાર ૮૦ની સપાટી તોડી નીચે ઉતરી ગયો છે. આ સાથે રૂપિયો ૮૦.૧૨ની ઈતિહાસની સૌથી નીચી સપાટીએ ખુલ્યો છે.ભારતમાં શેરબજારમાં કામકાજ શરૂ થાય અને એમાં ઘટાડો જોવા મળે એવી સ્થિતિમાં ડોલર સામે રૂપિયો ૨૧ પૈસા તૂટી ૮૦.૧૨ની સપાટી ઉપર ખુલ્યો છે. શુક્રવારે જ્યારે અમેરિકન બજાર તૂટી રહ્યા હતા ત્યારે નોન ડિલિવરીબલ ફોરવર્ડ માર્કેટમાં રૂપિયો ૮૦ના સ્તરથી નીચે હતો. ભારતમાં આયાત વધી રહી છે એટલે ફોરેક્સ રિઝર્વ ઘટી રહ્યા છે.

## ઘરનાઓએ જ (કોંગ્રેસ) ઘર છોડવા માટે મજબૂર કર્યો : ગુલામનબી આઝાદ

### મોદીને ક્રૂર સમજતો હતો પણ તેમણે માણસાઈ બતાવી : ગુલામનબી આઝાદ : કોંગ્રેસ છોડ્યા બાદ જમ્મુ-કાશ્મીરના પીઢ નેતાનું પ્રથમ જાહેર નિવેદન



નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યા બાદ જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે આજે પહેલી વખત મીડિયા સામે નિવેદન આપ્યું હતું. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર ખૂબ જ પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જી-૨૩ નેતાઓએ ચિઠ્ઠી લખી ત્યારથી પાર્ટી અને તેમના વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો. આઝાદના કહેવા પ્રમાણે પાર્ટી કદી નહોતી ઈચ્છતી કે, તેને કોઈ પ્રકારનો સવાલ કરવામાં આવે અથવા તો પાર્ટીના નેતૃત્વને સલાહ આપવામાં આવે. મોદી તો માત્ર બહાનું છે. કોંગ્રેસની અનેક બેઠકો થઈ હતી પરંતુ એક પણ સૂચન ન લેવામાં આવ્યું.

આઝાદના કહેવા પ્રમાણે કોંગ્રેસમાં ફક્ત ચાંપલૂસી કરનારા લોકો જ આગળ વધી રહ્યા છે. આ ઉપરાંત તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અનુલક્ષીને કહ્યું કે, 'હું વડાપ્રધાન મોદીને ક્રૂર

● અનુસંધાન-૭ પર

## કૂવામાં કૂદીશ પણ કોંગ્રેસમાં નહીં જોડાઉ: નીતિન ગડકરી

### એક મિત્રની કોંગ્રેસમાં જવાની સલાહ પર મંત્રીનો જવાબ : વેપાર હોય કે રાજકારણ બંને માનવીય સંબંધોમાં મહત્વપૂર્ણ છેઃ ગડકરી

નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે, તેમના એક મિત્રએ કોંગ્રેસમાં જવાની સલાહ આપી હતી અને જેને તેમણે ફગાવી દીધી હતી. નિતિન ગડકરીએ રવિવારે નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા આ વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, મારા મિત્ર અને કોંગ્રેસના નેતા શ્રીકાંત જિચકરે મને ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાવાની સલાહ આપી હતી.



તે સમયે મેં કહ્યું હતું કે, મારી વિચારધારા તેમની સાથે મેળ ખાતી નથી. હું કૂવામાં કૂદીશ પણ કોંગ્રેસમાં નહીં જોડાઈ શકું. નીતિન ગડકરીએ કહ્યું હતું કે, તે સમયની વાત અલગ છે જ્યારે હું વિદ્યાર્થી નેતા હતો અને ભાજપને ઘણીવાર હારનો સામનો કરવો પડ્યો હતો.

નીતિન ગડકરીએ કહ્યું હતું કે, જ્યારે તમને સફળતા મળે છે ત્યારે તમારી ખુશી તમારી જ હોય છે તો તેનો કોઈ અર્થ નથી. જો તમારી સફળતાની ખુશી તમારી સાથે કામ કરતા લોકોને પણ મળે તો તે શ્રેષ્ઠ હોય છે.

તેમણે કહ્યું હતું કે, વેપાર હોય કે રાજકારણ બંને માનવીય સંબંધોમાં મહત્વપૂર્ણ છે. ગડકરીએ વધુમાં કહ્યું હતું કે, પરિસ્થિતિ ગમે તેવી હોય, કોઈએ તેનો ઉપયોગ કરીને ફેકીં દેવું જોઈએ નહીં. રિચર્ડ નિકસનની એક વાતનો ઉલ્લેખ કરતાં નીતિન ગડકરીએ કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ હારી જવાથી ખતમ નથી થતો પરંતુ મેદાન છોડવાથી ખતમ થઈ જાય છે.

તેથી આપણે હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ કે ઘમંડ અને આત્મવિશ્વાસ વચ્ચે શું તફાવત હોય છે.નીતિન ગડકરીએ કહ્યું કે, કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ નથી હોતો. જો આપણે પોતાના મિત્રોની સારી બાબતોને આપણા વ્યક્તિત્વનો ભાગ બનાવી શકીએ તો પોતાને સુધારી શકીએ છીએ.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીમ ઈન્ડિયાને પાઠવ્યા અભિનંદન





દુબઈ,તા.૨૯

એશિયા કપ ૨૦૨૨ માટે રવિવારે રમાયેલી મેચમાં ભારતે પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવીને ધમાકેદાર શરૂઆત કરી હતી. ટીમ ઈન્ડિયાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પાકિસ્તાનની ટીમ ૧૪૭ રન પર ઓલઆઉટ થઈ હતી. ત્યારબાદ ભારતીય ખેલાડીઓ મેદાન પર ઉતર્યા હતા અને દમદાર પર્ફોર્મન્સ કર્યું હતું. આ જીતમાં હાર્દિક પંડ્યા સૌથી મોટો હીરો રહ્યો હતો. તેણે ૧૯ અને ૨૦મી ઓવરમાં ૪ બાઉન્ડ્રી લગાવીને ભારતને જીત અપાવી હતી. તેણે ૧૭ બોલમાં ૩૩ રન બનાવ્યા હતા. ભારતમાં જ્યાં એક તરફ ખુશીનો માહોલ છે તો બીજી તરફ પાડોશી દેશ પાકિસ્તાનના લોકોના ચહેરા પર ઉદાસીના વાદળ છવાઈ ગયા હતા. ટીમ ઈન્ડિયા પર સોશિયલ મીડિયા પર અભિનંદનનો વરસાદ થયો હતો. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવતાં લખ્યું હતું કે, 'ટીમ ઈન્ડિયાએ આજે એશિયા કપ ૨૦૨૨ની મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું. ટીમે જબરદસ્ત કૌશલ્ય અને ધીરજનું પ્રદર્શન કર્યું. તેમને જીત પર વધામણા. ગૃહમંત્રી અમિત શાહે પણ ભારતીય ટીમને અભિનંદન આપ્યા હતા.


### દિવાળી સુધીમાં દેશના દરેક મોટા શહેરમાં

## રિલાયન્સ ૫જી સેવા શરૂ કરશે

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના એજીએમમાં ચેરમેન મુકેશ અંબાણીની જાહેરાત : રિલાયન્સનું ૫જી સર્વિસ માટે બે લાખ કરોડ રૂપિયાનું રોકાણ, જિયો વિશ્વમાં સૌથી ઝડપથી ૫જી રોલઆઉટ પ્લાન સાથે સજ્જ

મુંબઈ, તા.૨૯

દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી એ આજે કંપનીની એન્યુઅલ જનરલ મિટિંગમાં ૫જી ટેલિકોમ સર્વિસ લોન્ચ કરવા અંગે મોટી જાહેરાત કરી છે. રિલાયન્સે તાજેતરમાં જ ૫જી સ્પેક્ટ્રમની ખરીદી કરી છે અને દિવાળી સુધીમાં દેશના દરેક મોટા શહેરમાં ૫જી સર્વિસ શરૂ થઈ જવાની શક્યતા છે. ત્યાર બાદ નાના શહેરોનો વારો આવશે. મુકેશ અંબાણીએ કહ્યું કે ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં દરેક નાના-મોટા શહેરમાં ૫જી સર્વિસ લોન્ચ થશે. આજે એજીએમને સંબોધતા મુકેશ અંબાણીએ જણાવ્યું કે અમે ૫જી સર્વિસ માટે બે લાખ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.





રિલાયન્સ જિયો વિશ્વમાં સૌથી ઝડપથી ૫જી રોલઆઉટ પ્લાન સાથે સજ્જ છે. આ પ્રસંગે મુકેશ અંબાણીના પુત્ર આકાશ અંબાણીએ કહ્યું કે, ૫જીમાં પુષ્કળ શક્યતા રહેલી છે જે આપણા દેશના કરોડો લોકોના જીવનમાં પરિવર્તન લાવશે. તેનાથી એગ્રીકલ્ચર, હેલ્થકેર અને એજ્યુકેશન ક્ષેત્રે ચિત્ર બદલાઈ જશે.

રિલાયન્સની એજીએમમાં ભવિષ્ય માટે કેટલીક યોજનાઓ જાહેર થઈ હતી જેમાંથી એક જિયો ક્લાઉડ પીસી પણ સામેલ છે.

● અનુસંધાન-૭ પર

## મથુરા કૃષ્ણજન્મભૂમિ કેસમાં પણ વીડિયોગ્રાફીનો આદેશ

### અલ્હાબાદ હાઈકોર્ટે આદેશ આપ્યો : આગામી ૪ મહિનામાં વીડિયોગ્રાફી કરાવીને તે સર્વેનો રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવાનો રહેશે

લખનૌ, તા.૨૯

વારાણસી ખાતે જ્ઞાનવાપી મસ્જિદ બાદ હવે મથુરાના શ્રીકૃષ્ણ જન્મભૂમિ કેસમાં પણ વીડિયોગ્રાફી કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ પીયૂષ અગ્રવાલની બેંચે આ આદેશ આપ્યો હતો. આગામી ૪ મહિનામાં વીડિયોગ્રાફી કરાવીને તે સર્વેનો રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવાનો રહેશે.

વીડિયોગ્રાફી સર્વે માટે એક વરિષ્ઠ એડવોકેટને કમિશનર અને ૨ એડવોકેટને સહાયક કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવશે. આ સર્વે કમિશનમાં વાદી અને પ્રતિવાદીની સાથે સક્ષમ અધિકારીઓ પણ સામેલ થશે.

અરજીકર્તા મનીષ યાદવના કહેવા પ્રમાણે 'મથુરાની જિલ્લા કોર્ટમાં છેલ્લા એક વર્ષથી વિવાદિત માળખાના સર્વે અંગેની સુનાવણી પેન્ડિંગ હતી. આજે હાઈકોર્ટે સ્પષ્ટપણે કહી દીધું કે, ૪ મહિનાની અંદર અરજી પર નિર્ણય સંભળાવો અને સર્વે કરાવીને હાઈકોર્ટમાં રિપોર્ટની સોંપણી કરો.'

વીડિયોગ્રાફી સમયે એક એડવોકેટ કમિશનર અને ૨ સહાયક ઉપરાંત વાદી-પ્રતિવાદી અને જિલ્લાના તમામ સક્ષમ અધિકારીઓ હાજર રહેશે.

મનીષ યાદવે શક્ય તેટલા ઝડપથી સુનાવણી પૂરી થાય તે માટે થોડા દિવસ પહેલા જ અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં હાઈકોર્ટને આ મામલે દખલ કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. અરજી અંગેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નીચલી અદાલત પાસેથી અહેવાલ માગ્યો હતો. હાઈકોર્ટે આજ રોજ આ કેસનો નિકાલ કરીને

● અનુસંધાન-૭ પર